કાન્તિ ભટ્ટ

## એકવીસમી સદી કોની છે ? મહિલાઓની

આજથી ૭૦ વર્ષ પહેલાં નરગિસ કલકત્તાનાં ગાયિકા જદનબાઇ પેટે જન્મેલા, મારી પુત્રીના શ્વસુર ટી. જી. એસ. જ્યોર્જ બેંગ્લોરના 'ન્યુ એક્સપ્રેસ' ના તંત્રી અને પત્રકાર છે. તેમણે નરગિસની આત્મકથા લખી છે એમાં નરગિસને જ નહીં, તમામ સ્ત્રીઓને સુંદર અંજલિ આપી છે.

આજે ટૂંકમાં નરગિસને તેમના જન્મદિવસે (જુલાઇ-૦૯) અંજલિ આપવા તેમનો ઉલ્લેખ કર્યો છે. નરગિસ કહેતાં કે સ્ત્રી આત્મસૂઝથી ઘણી સારી જ નહીં, બહેતરીન કલાકાર થઇ શકે છે. કારણ કે તે ઊંડાણથી તમામ લાગણીઓને વ્યક્ત કરી શકે છે. નરગિસ પુરુષ કરે એ બધું કરવા માગતાં હતાં ઘોડેસ્વારીથી માંડીને ક્રિકેટ રમવા માંગતાં હતા. નરગિસના સ્મરણના પ્લેટફોર્મનો સહારો લઇને આજની સ્ત્રી કેટલી હોશિયાર થઇ છે અને એકવીસમી સદીમાં તો ઘણી સ્ત્રીઓ વધુપડતી હોશિયાર થઇ છે એની રસપ્રદ વાત જોઇએ. સ્ત્રીને પુરુષસમોવડી તરીકે ઘણું તમે જાણો છો, પણ વિશેષ:

લંડનના 'સન્ડે ટાઇમ્સ'માં સમાચાર છે કે રેબેકા સિલ્ક નામની મહિલા ક્રિકેટરે બ્રાઇટન કૉલેજના એક પુરુષ બેટસમેનને જોરદાર ગૂગલી બૉલ ફેંક્યો અને તે આઉટ થઇ ગયો. આ કોઇ પ્રેક્ટિસમેચ નહોતી. લંડનની સ્કૂલો અને કૉલેજોમાં હવે સ્ત્રી-પુરુષોની મિક્સ ક્રિકેટ ટીમો હોય છે. લંડનની મોટા ભાગની સ્કૂલોમાં છેક ૨૦૦૫થી બૉય્ઝ-ગર્લ્સ મિક્સ ક્રિકેટ ટીમો હોય છે. કમાલ એ વાતની છે કે એમસિસી તરીકે ઓળખાતી લંડનની મેરિલબોન ક્રિકેટ કલબ હજી સ્ત્રીની આ સમાનતાને સ્વીકારી નથી શકતી. હોલી નામની સ્પિન બૉલર સામે પુરુષ ક્રિકેટરો ઝાઝું ટકતા નથી. ભારતની મહિલા ક્રિકેટરોને આમ પુરુષની ટીમમાં અડધોઅડધ ભાગીદારી મળવાની રાહ આપણે જોઇએ.

ફ્રાંસની સરકારે ૧૩૬ વર્ષ પછી હિંમત કરીને ફ્રાંસની મુસ્લિમ મહિલાઓને બુરખા પહેરવામાંથી મુક્ત કરવાનું વિચાર્યું છે. ૨૦૦૪માં મુસ્લિમ સ્ત્રીઓને માથે સ્કાર્ફ બાંધવાનું હતું એ કાનૂનથી મુક્ત કર્યું છે.

જો કોલ નામનો ઇંગ્લેન્ડનો ફૂટબોલ ખેલાડી ચેલ્સી ફૂટબોલ કલબનો હાઇએસ્ટ પેઇડ ફૂટબોલ ખેલાડી છે. તે ૧૬૦ કરોડ રૂપિયાનો સ્વામી છે. કાર્લી ઝુકર નામની ૨૫ વર્ષની યુવતીએ જો કોલ સાથે પ્રેમલગ્ન કર્યા છે. પતિએ કહ્યું કે આપણી કરોડોની મિલ્કત છે એટલે તું ઘરે બેસ અને બાળકોની સંભાળ કર. કાર્લી ઝુકરે પતિને સમજાવ્યો, 'તમામ સ્ત્રીઓ પૈસા માટે કામ નથી કરતી મને મારી મનગમતી કારકિર્દી જોઇએ છે. એના દ્વારા હું મારાપણું અનુભવું છું. હું નોકરી કરીશ જ.'

હવે સ્ત્રીઓ વધુપડતી છૂટછાટવાળી થઇ છે એની વાત પણ સાંભળો. લંડનની પત્રકાર કોરા ડોનેલ કહે છે કે ૨૦૦૫થી ૨૦૦૮ની વચ્ચે ૧૪ વર્ષની ૪૫૦ છોકરીઓ સીધું માતા પાસે જઇને હિંમતપૂર્વક કબૂલ કર્યું છે કે મમ્મી હું પ્રેગનન્ટ છું. આવી ૪૫૦ છોકરીઓમાં ૨૩ છોકરી તો માત્ર ૧૨ વર્ષની હતી જે પ્રેગનન્ટ થઇ હતી !

છેલ્લે મેન્ચેસ્ટરની ગ્લેમર મોડલે રેકોર્ડ બ્રેક કર્યો છે. પરણીને પુરુષ જેમ એક કરતાં વધુ પત્ની રાખે છે એમ એમિલી નામની મોડલે ચાર-ચાર પુરુષો સાથે રીતસર લગ્ન કરીને બહુપતિત્વનો રેકોર્ડ કર્યો છે ! આ મોડર્ન દ્રોપદી ચાર પતિને સંભાળે છે.

પ્રેક્ટિકલ શિખામણ: બ્યુટી ઑફ ધ માઇન્ડ શું પૂછો છો ? પુરુષોને ક્યાં સ્ત્રીઓનાં મનનું સૌંદર્ય જોઇએ છે ? તેમને માત્ર સુંદર દેહ ખપે છે.